# પ્રાણનો મહિમા અને વિનિપાત

હવે એક ખડબચડા પહોળા ચડાવે રાજાના ચરણોને લલચાવ્યા. દેહબદ્ધ મનની સીમાઓ ઓળંગીને અશ્વપતિ વિશાળાં ને તમોમલિન વિવાદગ્રસ્ત ક્ષેત્રોમાં પ્રવેશ્યો. અજ્ઞાત ત્યાં આંખો સામે આગળ આવતું. પ્રશ્નનો ઉત્તર આપનારું ત્યાં કોઈ મળતું નહિ. આણઉકેલાયેલા કોયડાથી આકર્ષાઈ, કંપમાન પાયા ઉપર સ્થળ-ફેર કર્યા કરતી પરિસીમાઓ મધ્યે આવેલી સન્દેહોની ભૂમિમાં એ ચાલતો હતો. સરહદ સામે દેખાતી 'તી પણ ક્ષિતિજે જેમ પહોંચી શકાતું નથી તેમ ત્યાં પહોંચી શકાતું ન 'તું. બધું જ ત્યાં ભટકણિયું હતું, અંત વગરના અસંખ્ય માર્ગોની યાત્રા જેવું હતું. ત્યાંનું કશું જ હૃદયને સંતોષ આપી શકતું ન 'તું. અનંતની સનાતન શાન્તિમાં બધું જ ત્યાં ક્ષુબ્ધવિક્ષુબ્ધ રહેતું. ત્યાંનું જીવન રૂપોના નિયંત્રણમાંથી નીકળી ગયું હતું. કાળમાં રહેલો ભય એને હાંકતો ન 'તો, દુર્ભાગ્યથી એ ડરતું ન 'તું, દુઃખની ને પતનની એને પરવા ન 'તી. જોખમો સામે એ ઝૂઝતું, ચૈત્યના અણ-શોધાયેલા પ્રદેશોમાં ઘૂમતું, અનેક સત્યોને અજમાવી જોતું, અસંતુષ્ટ રહી અનિશ્ચિત અંત પ્રત્યે ગતિમાન રહેતું. કોઈ વાર એ પોતાની ઉપર પ્રભુત્વ પ્રકટ કરતું, કોઈ વાર કોઈનું રમકડું બની જતું, કોઈ વાર ગુલામના જેવું વર્તન કરતું. એનામાં દેખાતી 'તી અસંબદ્ધતા. એકેએક શકયતાનો એ પ્રયોગ કરતું. પીડા ને પરમસુખ—ઉભય એના વિનોદો હતાં. મહાપલટાઓમાં એના ઘોડાની પડઘીઓ પડતી. પરિસ્થિતિની શરતદોડમાં એ ઊતરતું, શિખરે એ ચડતું ને ખાડામાંય પડતું, ઊંચે ઉઠાવાતું કે કાળચક્રની અડફટમાં આવી ભોંયભેગું થઈ જતું. કોઈ કોઈ વાર એ કુદરતના કીચડમાં કીડો બની જઈ આમળાતું તો કોઈ કોઈ વાર ઘોર આસુરી સ્વરૂપ ધારી પૃથ્વીનો કોળિયો કરી જતું, સાગરના વાઘા સજતું, તારામુકુટ ધારતું, મહાનાદ સાથે શિખરેથી શિખરે છલંગતું, જગતોને જીતી લઈ એમની પર રાજ્ય ચલાવવા માટે મોટો શોર મચાવી મૂકતું. શોક, દુઃખ ને અલ્પજીવી ઉગ્ર હર્ષોમાં આવી એ પોતાનું ભાગ્ય ચૂકી જતું, લક્ષ્ય ગુમાવી બેસતું. કશાથીય એ તૃપ્ત થતું નહિ. નવામાંય એને જૂનું મુખ દેખાતું. પરિવર્તનો એના અસુખને અવિચ્છિન્ન બનાવતાં. પ્રેરણા માટે એને સુખદુઃખની એડીની જરૂર પડતી. સુખનો અભિલાષ રાખી એ નરકમાં પગલાં માંડતું. યદૃચ્છા એને પસંદ છે. જોખમની સાથે એણે દોસ્તી બાંધી છે. દુર્ભાગ્યના દોલા ઉપર એ દોલાયમાન થાય છે. પરંતુ પ્રાણચેતનામાંથી પ્રકટતું

જીવન મૂળ આવ્યું છે અકાળમાંથી અને સૌન્દર્ય તેમ જ સુખ એનો જન્મસિદ્ધ હક છે, અનંત આનંદ એનું સનાતન સ્થાનક છે.

આવા એક જગતે પોતાના પુરાણા આનંદમય મુખને હવે પ્રકટ કર્યું. અશાન્ત, દુ:ખી, ભીતિગ્રસ્ત અને બિનસલામત જમીન ઉપર ચાલતા રાજા અશ્વપતિએ એક વધારે સુખી અવસ્થાની છબી જોઈ. સ્વર્ગ જેટલું દૂર અને આશા જેટલું નજીક પ્રાણમય ચેતનાનું શોકરહિત રાજ્ય વિરાજતું દેખાયું. દૃષ્ટિગોચર આકાશોથી ન્યારાં બીજાં આકાશોમાં તારાઓ તરતા દેખાયા. વિચિત્ર સુખવૈભવથી વિલસતા ગોલકો ત્યાં આવેલા હતા. નીચે જે દુ:ખ છે, મથામણ અને મલિનતા છે, રાગદ્વેષ અને વિષાદ છે, તેનાથી અસ્પૃષ્ટ અને સ્વાભાવિક સંમુદાસંપન્ન ભૂમિકાઓનો એ પ્રદેશ હતો. ત્યાં સર્વ કંઈ સુન્દર હતું, સંતોષમાં રહેતું 'તું, પોતપોતાના અમર આમોદની પ્રતીતિમાં પ્રતિષ્ઠિત હતું. ત્યાંની વસ્તુએ અહીંની સામગ્રીથી નહિ પણ કોઈ ન્યારી જ સામગ્રીમાંથી સર્જાઈ હતી. એ એટલી બધી ઉચ્ચ હતી કે માનવ દૃષ્ટિ ત્યાં પહોંચવા અસમર્થ હતી. ત્યાંની આનંદમયતા આપણે માટે અગમ્ય હતી.

પરંતુ આપણા અભિલ્ષતા હૃદયની ને સ્થૂલ સંવેદનાની નિકટમાં વાસ્તવિક એવાં પરમાનંદનાં રાજ્યો રહેલાં છે. મૃત્યુની ને કાળની પકડમાં એ આવતાં નથી. શોક ને કામનાથી એ ઝલાતાં નથી. આનંદમાં એ આળોટી રહ્યાં છે. સ્વપ્નમાં, ધ્યાનમાં, સમાધિમાં પ્રહર્ષોનાં વિશાળાં દૃશ્યો આંખ સામે આવી સરકી જાય છે, ને એમની પાછળ પ્રકાશની એક સ્મૃતિરેખા માત્ર રહી જાય છે. એ એવાં તો વાસ્તવિક અને આનંદમય છે કે જો એ સ્વપ્નજન્ય હોય તો પણ તેઓ પૃથ્વીની વૃથા વાસ્તવિકતાઓને વ્યર્થ અને વિતથ બનાવી દે છે. એક ક્ષિપ્ર ને ચિરંજીવ ક્ષણમાં સ્થિર થયેલાં તે રહે છે. અમર જ્યોતિનાં એ અવિનાશી સ્વર્ગો, જામલિયા શાંતિના પ્રકાશમાન પ્રદેશો, પ્રભુના આમોદપ્રમોદના સાગરો અને સરિતાઓ અને નીલલોહિત સૂર્યોના અશોક દેશો છે અને સ્મરતાંમાં તે આંખો સામે ઉપસ્થિત થાય છે.

કલ્પનાના આ એકવારના સ્ફુરતા સિતારાએ, ધૂમકેતુની સ્વપ્નમયી સુરેખાએ હવે સમીપવર્તી સ્વરૂપ ધારણ કર્યું. સ્વર્ગના સત્યની ને પૃથ્વીની વાસ્તવિકતા વચ્ચેનો મહાગર્ત ઓળંગાઈ ગયો. પ્રાણની ભૂમિકાનાં અદ્‌ભુત સ્વર્ગો હવે સ્વપ્નાંનાં મટી ગયાં. એક નિર્જીવ શિખરપ્રદેશે રાજાનું ધ્યાન ખેંચ્યું. એની સીમાઓ આત્માકાશમાં માર્ગ મેળવી પ્રવેશતી હતી અને આકાશીય આધારભોમ પ્રત્યે ઢળતી હતી. ત્યાં પ્રાણચેતનાના પરમાનંદનો સાર ટમકતો હતો. એક ગૂઢ અધ્યાત્મ શૃંગ પર ચમત્કારી રૂપાન્તર સાધતી એક રેખા જ જીવનને અરૂપ અનંતથી અલગ રાખતી હતી, કાળને શાશ્વતતાથી સંરક્ષતી હતી. વિશ્વપ્રકૃતિની શકિતના નૃત્યને સનાતનની શાંતિ અવિચળ આધાર ઉપર ધારણ કરે છે.

વિશ્વશકિતએ દૃષ્ટિહીન શૂન્યનાં બલોમાંથી નક્કર સૃષ્ટિ ઊભી કરી છે. પરમ-

પુરુષના વિચારો વડે એની ગતિને એણે પગલાં ભરતી બનાવી છે. સર્વજ્ઞ પ્રકાશ વડે વિશ્વનાં અંધક કાર્યોને એ અવલોકે છે. પ્રકૃતિની ઇચ્છા થતાં અતિમનસ વિજ્ઞાન અજ્ઞાન બળોને દોરવા લળી આવે છે. એના અસ્થિર સાગરોને વિજ્ઞાનનો ઉચ્છ્‌વાસ વશમાં રાખે છે. એની ઇચ્છાનુસાર અંતર્યામીથી પ્રેરાયેલું મન અજ્ઞાનના જગતમાં પોતાનો માર્ગ કરે છે. સૃષ્ટિનું અજ્ઞાન સર્વજ્ઞતાને પ્રાપ્ત થાય તેને માટે માનવ અજ્ઞાન પરમ સત્ય પ્રત્યે ગતિ કરે છે ને પ્રકૃતિ પોતાના પ્રભુ સાથે એક બની જવા આરોહે છે. સ્વેચ્છાથી પ્રભુ પ્રકૃતિનો દાસ બની એના તરંગોને અમલમાં મૂકે છે. આપણી મર્ત્યતાનું મુખછદ્મ ધારણ કરી અમૃતાત્મા પ્રકૃતિ માટે પરિશ્રમ સેવે છે. પ્રકૃતિની સૃષ્ટિઓ પોતાના મૂળ રૂપને ખોઈ બેઠી છે, એનાથી વિયુક્ત થઈ વિકૃત ને તમોગ્રસ્ત બની ગઈ છે. એ પણ પોતાની સત્યમૂલ દિવ્યાવસ્થાને પ્રાપ્ત કરી શકે છે, આત્મા અધઃપતન રૂપ મહાદંડમાંથી મુક્ત થઈ ઊર્ધ્વમાં આરોહી શકે છે.

રાજાએ પ્રાણની ચેતનાનો મહિમા ને સાથે સાથે એના પાતાલગર્તોને પણ જોયા. ઊંચે એના ગૌરવની ગાથા ગાજતી હતી. બધું ત્યાં અમરતાના આનંદમાં ઉલ્લસી ને હસી રહ્યું હતું. ત્યાં હતું ચૈત્યાત્માનું નિર્દોષ સનાતન બાલ્ય. જ્ઞાન ત્યાં સત્યસૂર્યના પ્રકાશમાં મુક્ત નિષ્પાપ ભાવે રમતું હતું. પ્રાણનાં ભીષણ હાસ્ય ભર્યાં જગતો પણ હતાં. ત્યાં શ્રમ હતો, સંઘર્ષ હતો, અશ્રુઓ હતાં. જીવન ત્યાં પ્રેમી મૃત્યુની ગોદમાં માથું મૂકી ઢળ્યું હતું અને એની નિદ્રા નિર્વાણની શાંતિનું અનુકરણ કરતી હતી. પ્રાણ કાળમાં લહેરાતો પ્રવાહ બન્યો હતો. માણસનો આત્મા અરાજકતા ભરી ચલચિત્રમાળા બની ગયો હતો. એ જબરજસ્ત સર્જક શક્તિએ આત્માના સ્વપ્નને કરુણનાટિકાની અગાધ ઊંડી રહસ્યમયતામાં પલટાવી દીધું હતું.

પણ સ્વર્ગ ગમ અર્ધમાર્ગ સુધી ઊંચકાયેલાં બીજાં જગતો પણ હતાં. ત્યાં આડે ચક માત્ર હતો, છાયામયી દીવાલ ન 'તી. આપણી પકડ માટે એ અત્યંત દૂર ન 'તાં. આદિ આનંદનું કિરણ ચકમાં થઈ અંદર આવતું હતું. પૃથ્વી પવિત્ર હોત તો સ્વર્ગનો આનંદ એનો બની ગયો હોત, એના માર્ગો પર બધાં બળ ખેલતાં કૂદતાં ને હસતાં ચાલતાં હોત, શરમાવું ન પડે એવે પ્રકારે પ્રેમ લીલા કરતો હોત. પરંતુ પૃથ્વીનાં બારણાં પરમ વસ્તુ પ્રતિ બંધ છે!

પણ રાજાએ જે જગતો જોયાં ત્યાં પ્રભુનો ઉચ્છ્‌વાસ અનુભવાતો હતો, પરમાત્માના જામાની ઝૂલ ઝગમગતી હતી. પ્રેમ ત્યાં આવાહન પામતો. એનો મધુમધુરો સ્પર્શ લહેવાતો, પ્રકૃતિ એના આલિંગનમાં મહાસુખ માણતી. પ્રેમનું એકતા આણતું સામર્થ્ય ત્યાં ઉદ્ધારતું હતું, જીવો જે આનંદનો ઇનકાર કરે છે તે તેમને ત્યાં બળે બળેય અપાતો હતો. કાળનો સ્વર ત્યાં અમૃત સ્વરૂપના આનંદનું ગાન કરતો હતો; જ્યોતિની ધારે ધારે વસેલા અમર આત્માઓને વિસ્મિત કરતાં વિહંગમો સાદ કરતાં હતાં; સૃષ્ટિ પ્રભુના હસ્તમાંથી જ છલંગીને બહાર આવતી.

અસ્તિત્વ ત્યાં પરમાનંદમય હતું, જીવન હતું આત્માનું હાસ્ય. હર્ષનું ત્યાં હતું રાજ્ય ને પ્રેમ હતો પ્રધાન. વિરોધી વસ્તુઓ પણ પરસ્પર પ્રેમ રાખતી ને મિત્ર બનીને રહેતી. દુર્બળતા ત્યાં નામેય નહોતી, અસત્ય ત્યાં જીવી શકતું નહિ, કલ્પના સત્યની મુકતેચ્છા હતી, બુદ્ધિ હતી સૌન્દર્યની ઉપાસિકા, બળ ત્યાં આત્માની પરિચર્યામાં રહેતું, શકિતએ ત્યાં પરમાનંદને હૃદયે મસ્તક મૂકી રાખ્યું હતું. બધું જ ત્યાં પરમાત્માના પ્રકાશમાં રાજમાન રહેતું. ત્યાંની વસ્તુઓ હતી ભવ્ય અને સુન્દર. સર્વે આત્માઓ ત્યાં રાજમુદ્રાથી રઢિયાળા લાગતા. જીવની બધી જ અદાઓમાં ત્યાં દિવ્યતા દેખાતી. ત્યાં હતો પ્રભુત્વનો પરમાનંદ ને સેવાની સંમુદા. પ્રેમ ત્યાં પ્રેમને આધીન બની ગયો હતો. શુશ્રૂષા ત્યાં સર્વોપરી સત્તા ચલાવતી. બંદી બનેલી જિંદગીએ ત્યાં નિજ વિજેતાને વર્યો હતો, પ્રેમનો વિજયી પ્રકાશ અમર શકિતએ અધિરોહતો. પ્રાણચેતના ઉપર મનનું સિંહાસન મંડાતાં બેવડી બાદશાહી આવી હતી.

ગુરુ ગભીર સુખનાં ભુવનો ત્યાં હતાં. કર્મ ત્યાં સ્વપ્નથી રંગાતું, હાસ્ય વિચારથી રંગાતું. ઉત્કટ ભાવ ઈપ્સિત વસ્તુ માટે સમીપમાં આવી રહેલાં પ્રભુનાં પગલાંના ધન્ય ધ્વનિની પ્રતીક્ષા કરતો. બાલોચિત આમોદપ્રમોદનાં ભુવનોય ત્યાં હતાં. ચિંતામુકત યૌવનમાં રહેતાં મન અને હૃદય, શરીરને સ્વર્ગીય સાધન બનાવતાં પ્રેમ, સૌન્દર્ય અને મહાસુખ ત્યાં દેવતાઈ ક્રીડાઓ કરતાં. પ્રાણાવેગ કરકસર કરતો નહિ, વિરામ પામી જતા નહિ. યાં કામ હતું રમત અને રમત એકમાત્ર કામ. અશ્રુઓ આવતાં તો તે એકમાત્ર આનંદનાં. જીવન ત્યાં હતું પ્રહર્ષણોની નિરંતરતા અને નિત્યતા. પ્રભુનાં નગ્ન બાળકોની ત્યાં ક્રીડાંગણોમાં દોડાદોડી ચાલતી. ત્યાં વય ન 'તી, ચિંતાની કરચળીઓ ન 'તી. હાસ્યની ને અમર ઓજની ત્યાં શરતો ચાલતી. તોફાનો ત્યાં સાથીઓ હતાં, દૂરતા ખૂંદી નંખાતી, બળના અખાડાઓમાં કુસ્તીઓ જામતી. સૂર્ય જેવાં તેજસ્વી એ દિવ્ય બાળકો પોતાના દેહની કાંતિથી સ્વર્ગનેય દીપ્તિમંત બનાવતાં, અને ઉદાર ઉપહાર રૂપે એને જગત ઉપર ફેંકતાં.

ઉચ્ચાવકાશમાં આ પ્રાણચેતનાના ધ્વજો ફરફરતા'તા. ભાવનાઓ આત્માની ભવ્ય સહચારિણીઓ હતી. સહજજ્ઞાની મન વાણી સાથે વિહાર કરતું, વિચારના ભાલા ફેંકતું. જ્ઞાન હતું પ્રકૃતિનો વિનોદ. દિવસો શાંત સમીરમાં સરતા હતા. વિશ્વવ્યાપી પ્રેમ અને શાંતિ સર્વત્ર રેલાતાં. માધુર્ય કાળને મુખે ગીત બની ગયું હતું. બધું જ ત્યાં સહજ હતું. જૂઠાણું ત્યાં જોવા મળતું નહિ. આ ભૂમિકા હજારો નંદનો રચી શકતી. એના વૈવિધ્યમાં કશી મણા નહોતી. એનો સ્વભાવ અમરાત્માનું ધામ બની ગયો હતો. શાશ્વત સંકલ્પ એના હૃદયમાં ધરાયો રહેતો, એના દ્યુતિમંતા હૃદયને દોરવણીની જરૂર ન 'તી. ગમે તેવું પતન પણ એની અંદર રહેલા દેવતાને ભ્રષ્ટ કરી શકતું નહિ. વિજાતીય રાત્રિ એની આંખોને આંધળી બનાવી શકતી નહિ. એણે સિદ્ધ કરવા માટે દિવ્ય ને દેદીપ્યમાન સ્વપ્નાંની દીક્ષા લીધી હતી. પ્રભુના

તાલમેળમાં રહી ત્યાં અસંખ્યાત રૂપો રચાતાં, અદ્‌ભુત નૃત્યની જાદૂગરી ગૂંથાતી. એ ચેતના હતી આનંદની ઉચ્છૃંખલ દેવી, મહામુદાઓની સર્જનારી મદમત્તતા.

અશ્વપતિએ આ મહાસુખની સૃષ્ટિ જોઈ ને એના સાદને સંવેદ્યો, પણ એની આનંદમયતામાં પ્રવેશવાનો માર્ગ એને મળ્યો નહિ. એનો આત્મા અશાંતિ ભર્યા જીવન જોડે હજુ બંધાયેલો હતો, અંધારી હવાથી એ ઘેરાયેલો હતો. ચેતનવંતા અખાત ઉપર પુલ નહોતો. એને લીધે ત્યાંનું સર્વ એક સ્પૃહણીય સ્વપ્ન જેવું એને જણાતું હતું. રાજાએ એકવાર સનાતનનો આશ્લેષ અનુભવ્યો 'તો ખરો, પણ એનો સ્વભાવ દુ:ખની રાત્રિના પ્રવેશોની નજીકમાં હજુ રહેતો હતો. એક દારુણ દ્વૈત આપણા અસ્તિત્વની પદ્ધતિ બનેલું છે. મર્ત્ય જગત ઉત્પન્ન થયું ત્યારે માત્ર જડ કુદરત જ હતી. જડતામાં દટાઈ રહેલું દૈવત આત્માની મુકિત માટે ઝંખતું હતું. અંતર્લીન આત્મા સંવેદના, વિચાર, હર્ષ ને પ્રેમ માટે ઉત્કટ ભાવ સેવ્યા કરતો હતો. ગૂઢ સ્પર્શથી સળવળી ઊઠેલી અચેતનાએ પ્રાણની પ્રત્યે પોકાર પાઠવ્યો અને એક સત્ત્વે શ્વસન શરૂ કર્યું. અચિત્‌માં પુરાયેલ કોઈ આત્માએ ચિર નિદ્રામાંથી પાસું ફેરવ્યું, ભુલાઈ ગયું હતું તે એને યાદ આવ્યું, અને જાણવા, અભિલષવા, હર્ષ માણવા ને જીવવા માટે એણે ઝંખના કરી.

પ્રાણચેતનાની શકિતએ આ પોકાર સાંભળ્યો અને એણે પોતાની ભૂમિકાનો પ્રકાશ છોડયો. મર્ત્ય અવકાશમાં એ ઊતરી આવી, અને એક નવતર, સુન્દર જગતને આનંદપૂર્ણ બનાવવાની આશા એણે સેવવા માંડી. ક્ષણભંગુર રૂપોમાં એણે નિવાસ કર્યો, જડદ્રવ્યના ગર્ભમાં એણે અમર અગ્નિનું બીજ બોયું. પરિણામે સંવેદનરહિત વિરાટમાં વિચાર જાગ્યો, આશા જાગી, પૃથ્વીના સંજ્ઞારહિત દેહને પરાણે આનંદ અનુભવવો પડયો. માંસમાટી પર સૌન્દર્યની મોહનીએ આઘાત કર્યો. વૃક્ષો અને વેલો ઝૂલવા લાગ્યાં અને પૃથ્વીને પુષ્પોનાં વસ્ત્ર પહેરાવાયાં. પૃથ્વીમાતાએ નીલાકાશને સ્મિત સમર્પી આરાધ્યું. ઊંડાણોમાં જીવજંતુઓનું જીવન ઊભર્યું. જીવનના મહિમાએ પશુઓનાં રઢિયાળાં રૂપ ધારી દોડાદોડ કરવા માંડી, માણસે વિચારનું સાહસ શરૂ કર્યું, એના આત્માએ સૃષ્ટિનો સમાગમ સાધ્યો.

પરંતુ પ્રાણચેતનાનું આ વરદાન આપણાં બંદિ હૃદયોને પહોંચ્યું તે પહેલાં એક કાળા સંદિગ્ધ સાન્નિધ્યે એની સામે વાંધો ઉઠાવ્યો, એક તમોમલિન ગુપ્ત સંકલ્પે આત્માને માંસમાટીની કઠોર કસોટીએ ચડાવ્યો, અને જીવનને મૃત્યુનું ને દુ:ખનું છદ્મ પહેરાવી દીધું. આ કારણે યાત્રાપરાયણ પ્રાણ પોતાની આદિસુખની અવસ્થાને સ્મરણમાં આણી શકતો નથી. અચિત્‌ના નિયમો એને વિવશ બનાવે છે. સૌન્દર્ય પર અંધ મર્યાદાઓ મુકાઈ છે; સુખ અને દુ:ખ પરસ્પર ઝઘડનારાં એકબીજાનાં સાથી બની ગયાં છે. પ્રાણનો સૂક્ષ્મ અને સમર્થ આત્મા અલોપ થઈ ગયો છે. એના મહિમાએ ક્ષુદ્રતાનાં રૂપો લીધાં છે, એનું મહામાધુર્ય ઘાયલ કામનામાં પરિણામ પામ્યું છે. હવે તો એ મૃત્યુને ખોરાકી પૂરી પાડવા માટે જ પ્રવૃત્ત રહે છે. આ

પ્રાણશક્તિની અમરતા એટલી બધી આવૃત થઈ ગઈ છે કે એ શાશ્વત મૃત્યુનો પ્રસંગમાત્ર બની ગઈ છે, સદાને માટે બંધ કરી દેવા યોગ્ય આત્માની એક મિથ્યા કથા બની ગઈ છે.

પ્રાણ ચેતનામાં આવી ગયેલા પલટાની આ અનિષ્ટ રહસ્યમયતા છે.